જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૨/૧૩ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**જાહેરનામું :** **સમાચાર યાદી નં.૩૮૦૭/૧૩**

અમદાવાદ શહેરની પરિસ્થિતીને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પાં, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી પોલીસ કમિશનરશ્રી શિવાનંદ ઝા, અમદાવાદ શહેર ગુજરાત રાજ્યના ગૃહવિભાગના તા.૦૮.૧૧.૧૯૮૨ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તા.૦૭.૦૧.૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલ વિસ્તારોમાં **તા.૧૯.૧૨.૨૦૧૩ થી ૧૬.૦૨.૨૦૧૪** સુધી નીચે ના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

**: કૃત્યો :**

**(ક)** શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટ વાળુ કોઇ પણ જાતના ચપ્પુ જેને અઢી ઇંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવુ છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઇજા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

**(ખ)** કોઇ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઇ જવાની.

**(ગ)** પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

**(ઘ)** સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

**(ચ)** વ્યકિત અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

**(છ)** લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

**(જ)** જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિ નો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનિઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

❖ **<u>વિસ્તાર</u>** : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

❖ **<u>અપવાદ</u>** : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઇ

જવા ફરમાવ્યુ હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકર કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય

તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઇપણ અધિકારીઓએ જેને શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતોને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**<u>ટ્રાફીક સમસ્યા અંગે WHATS APP ની સેવા :</u>** **<u>સમાચાર યાદી નં.૩૮૦૮/૧૩</u>**

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તરફથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા WHATS APP ની સેવા શરુ કરવામાં આવેલ છે. આ WHATS APP જેનો નંબર ૯૯૭૯૯ ૨૧૦૯૫ નો છે. તારીખ અને સમય સાથે કોઇ પણ વ્યક્તી કોઇ પણ સ્થળે ટ્રાફિક જામ હોય, ગેરકાયદેસર પાર્કિંગ થયેલ હોય, હોમગાર્ડ, ટી.આર.બી. અને પોલીસ કર્મચારીઓ નિષ્ક્રીયરીતે ટ્રાફિકની ફરજ બજાવતા હોય ફરજ ઉપરના ટ્રાફિક પોલીસ કર્મચારી સાથે ઝઘડો તકરાર કે મારામારી કરતો હોય, એક્સીડન્ટ થયેલ હોય, આવા અનેક પ્રકારના રોડ ઉપર ટ્રાફિકને લગતા જે કોઇ બનાવો બનતા હોય તે પોતાના મોબાઇલ ફોનમાં કેચપ કરી WHATS APP ના ૯૯૭૯૯ ૨૧૦૯૫ પર તત્કાલીક મોકલી શકે છે. જેના કારણે રોડ પર ઉભી થયેલ તમામ સમસ્યાનુ તાત્કાલીક નિકાલ થઇ શકે છે. અને બનાવ કે ગુનો આગળ બનતો અટકી શકે છે. આ સીવાય WHATS APP પર જાહેર જનતા પોતાના મંતવ્યો, સુચનો, અભિપ્રાયો તેમજ ટ્રાફિક વ્યવસ્થાને લગતા કોઇ અસરકારક સુચનો હોય તો મોકલી શકે છે. અને WHATS APP ઉપર સ્થળના ફોટા અને સમય આવશે તો તેનાથી ટ્રાફિકને લગતા ખોટા મેસેજો જો કોઇ કરતા હોય તો તેની તરતજ ખબર પડશે. WHATS APP પર અપલોડ ફોટા પરથી તાત્કાલીક જેતે વિસ્તારના પોલીસ અધિકારીઓ તથા માણસોને અથવા પોલીસ સ્ટેશનને હકીકતની જાણ કરી ટ્રાફિકની સમસ્યા દુર થઇ શકે છે.

**<u>નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૮૦૯/૧૩</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી ૨૫ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૮૧૦/૧૩</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧મુજબ કુલ ૧૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહીબીશન એકટ ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ-** **સમાચાર યાદી નં.૩૮૧૧/૧૩**

તા.૧૭/૧૨/૧૩ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૬૪૭૯ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૩,૯૨,૦૨૫/- વસુલ કર્યા છે. આ પૈકી ૪૬ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૧૫૪ વાહનો ટો કરી રૂપિયા ૮,૮૫૦/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૩ આઈ.પી.સી. ૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૩૧૬૫ કેસ કરી રૂપિયા ૧,૫૮,૨૦૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૩ થી તા.૧૭/૧૨/૧૩ સુધીમાં કુલ ૧૬,૦૪,૦૯૯ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૫૭,૫૮,૯૦૦/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

**અપહરણની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૩૮૧૨/૧૩**

**સોલા હાઇકોર્ટ :** નરેન્દ્રભાઇ ગોવિદભાઇ ચૌહાણ (રહે.ખોડીયારનગર સોસાયટી, જગતપુર રોડ, ચાંદલોડીયા) એ તા.૧૭/૧૨/૧૩ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૧૩ સવારનાં ૯/૦૦ થી બપોરનાં ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની પુત્રી અંજલીએ “ મારે લાંભા બળિયાદેવ બાપાના દર્શન કરવા જવું છે” તેમ કહેતાં નરેન્દ્રભાઇએ નાં પાડતાં અંજલી (ઉ.વ.૧૩), તેની બહેન ટ્વીંકલ (ઉ.વ.૭) ને સાથે લઇ ઘરેથી જતી રહી હતી. સગાસબંધીઓમાં તપાસ કરતાં મળી આવી નથી. આ પોતાની બંને પુત્રી પોતાની જાતે ગુમ થયેલ અથવા દેવનંદન એપાર્ટમેન્ટમાં રહેતાં મુકેશ સાથે ગયેલાનો શકવહેમ છે. આ અંગે સોલા હાઇકોર્ટે પોલીસે અપહરણનો ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એસ.પાટીલ ચલાવે છે.

**મણીનગર :** મનીષાબહેન મનસુખભાઇ યાદવ (ઉ.વ.૧૫)(રહે.હિરાબાગ સોસાયટી, સરદારપટેલ સ્કુલ પાસે, મણીનગર) ને તા.૨૮/૧૧/૧૩ બપોરનાં ૧/૦૦ વાગ્યાનાં સુમારે તેના ઘર નજીકથી આરોપી હેમંત શંકરલાલ મીણા (રહે.જય જય હિંદ સોસાયટી, મણીનગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ મનીષાબહેનના પિતા મનસુખભાઇ યાદવે તા.૧૭/૧૨/૧૩ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૩૮૧૩/૧૩**

**કાલુપુર** : વિપુલભાઇ બાબુલાલ ચોકસી (રહે.વિશ્વ રેસીડેન્સી, સુભાષચોક મેમનગર)ને તા.૧૭/૧૨/૧૩ બપોરનાં ૧/૧૫ વાગ્યાનાં સુમારે ગાંધી રોડ કુવારા, ગાંધી સ્ટોર સામે ત્રણ પુરૂષોએ ઘેરો ઘાલી વિપુલભાઇ પાસેનો રોકડ રૂપિયા ૨,૯૦,૦૦૦/- લુંટી લઇ નાસવા જતાં, આ ત્રણ પૈકીનો એક પુરૂષ લોકોનાં હાથે ઝડપાઇ ગયો હતો. જ્યારે અન્ય બે પુરૂષો રોકડ રૂપિયા ૨,૯૦,૦૦૦/- સાથેનો થેલો લઇ નાસી ગયા હતા. ઝડપાઇ ગયેલ આરોપીનું નામ ગૌતમ સમાધાન જાદવ (રહે.ગૌતમનગર, ચાલી નં.૪, રાધેમણી બુધ્ધેવિહાર પી.એલ. લોખંડી માર્ગ ચેમ્બુર મુંબઇ) છે. નાસી ગયેલ બે આરોપીઓનાં નામ પકડાયેલ આરોપીએ જણાવ્યા પ્રમાણે (૧) આકાશ સંતોષ સકાલે (રહે.દેવનાર ગેટ, ભીમસેવક સંઘ ટાટાનગર, દેવનાર રોડ, ગોવંડી ઇસ્ટ મુંબઇ) અને (૨) પરમાત્મા ઉર્ફે દિપક હરીપ્રસાદ (રહે.એજન) છે. આ બનાવ અંગે કાલુપુર પોલીસે લુંટનો ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.ખાંભલા ચલાવે છે.

**વિશ્વાસઘાત/છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૩૮૧૪/૧૩**

**સરખેજ** : સુરેન્દ્રભાઇ પુજાલાલ ચૌહાણ (રહે.તક્ષીલ એપાર્ટમેન્ટ, માનસી સર્કલ પાસે, વસ્ત્રાપુર) એ તા.૧૭/૧૨/૧૩ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૧/૧૩ થી તા.૯/૧૨/૧૩ દરમ્યાન પોતાની કંપનીમાં એકાઉન્ટ શાખામાં નોકરી કરતા હમીરસિંગ ભરતસિંગ રાવ (રહે.બકરાપોળ, કાલુપુર) એ કંપનીના માણસોનાં પગારનાં રૂપિયા ૨,૭૨,૭૦૮/- ગફલો કરી આ નાણાં અંગત ખર્ચમાં વાપરી નાંખી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.પરમાર ચલાવે છે.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૩૮૧૫/૧૩**

**નવરંગપુરા** : સુમનબહેન મુકેશભાઇ જાની (રહે.પ્રેરણાકુટ બંગ્લોઝ, બોડકદેવ, વસ્ત્રાપુર) એ તા.૧૭/૧૨/૧૩ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ફેબ્રુઆરી ૨૦૧૧ થી આજદીન સુધી આરોપી (૧) ચિંતેષ મુકેશભાઇ પાટડીયા (૨) વિશાલ મુકેશભાઇ પાટડીયા (૩) કુમુદબહેન મુકેશભાઇ પાટડીયા (ત્રણેય રહે. ઇશ્વરનગર સોસાયટી, હિરાબાઇ ટાવર પાસે, મણીનગર) (૪) વર્ષાબહેન મહેશભાઇ પાટડીયા અને (૫) માનશી મહેશભાઇ પાટડીયા (બંને રહે.પ્રતિક્ષા એપાર્ટમેન્ટ, સોલા રોડ) એ ભેગામળી સુમનબહેન સાથે મિત્રતા કેળવી સુમનબહેન પાસેથી દર મહીને ૧૦૦ ગ્રામ સોનું લઇ રોકાણ કરી તેના બદલામાં આરોપીઓએ બે ગ્રામ સોનું વધારે આપવું તેવો કરાર કરી જુદી-જુદી જગ્યાએ અને ટાઇમે સુમનબહેન પાસેથી આરોપીઓએ જુદી-જુદી રીતે કુલ ૬ કિલોગ્રામ સોનું કિંમત રૂપિયા ૧,૮૩,૦૦,૦૦૦/- લઇ તેના બદલામાં વળતરરૂપે કંઇ નહીં આપી કરાર મુજબ આ આરોપીઓએ સુમનબહેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એમ.સરવૈયા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૩૮૧૬/૧૩**

**મણીનગર (૧)** : રમેશચંદ્ર પુજાલાલ ત્રીવેદી (રહે.નંદાલય એપાર્ટમેન્ટ, પુનીત આશ્રમ રોડ, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૨/૧૩ બપોરનાં ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સવસેટા ચલાવે છે.

**(૨)** કેતનભાઇ ઇદ્રવદનભાઇ શાહ (રહે.ગિરીરાજ ફ્લેટ, રામબાગ, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૨/૧૩ બપોરનાં ૩/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૬,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ગઢવી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૩૮૧૭/૧૩**

**સરદારનગર** : રાજુભાઇ પ્રહ્લાજરાય ખેમનાણી (રહે.ડી વોર્ડ, કુબેરનગર હાલ રહે.સનવિલા,નાના ચિલોડા રોડ, નોબલનગર)એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૨/૧૩ રાતનાં ૯/૧૫ થી ૯/૨૦ વાગ્યા દરમ્યાન સરદારનગર સર્કલ પાસે આવેલ રીચી-રીચ નામની દુકાન આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી કાળા રંગનું પર્સ કે જેમાં હિસાબની બુકો, પાનકાર્ડ તથા રોકડ રૂપિયા ૨,૫૮,૦૦૦/- હતા તેની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ.એમ.સિંધી ચલાવે છે.

**માધવપુરા :** શીરીશભાઇ જશવંતલાલ પંચોલી (રહે. આલેખ એપાર્ટમેન્ટ, મેમનગર) તા.૧૭/૧૨/૧૩ સાંજનાં ૬/૪૫ વાગ્યાના સુમારે સિંધી કલોથ સ્ટોર્સ નામની દુકાન સામે કાર ઉભી રાખી કારમાં બેઠા હતા ત્યારે ૨૦ થી ૨૨ વર્ષના આશરાનાં છોકરાએ " કાર આગળ દશ-દશની નોટો પડી છે" તેમ કહેતાં શીરીશભાઇનું ધ્યાન વિચલીત કરી કારમાંથી રોકડા રૂપિયા ૪૦,૦૦૦/- અને જરૂરી કાગળો સાથેની બેગની ચોરી કરી પલાયન થઇ ગયો હતો. આ અંગેની ફરીયાદ શીરીશભાઇ પંચોલીએ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ નારસિંહ ચલાવે છે.

**શહેરકોટડા :** સુશીલકુમાર ચંદ્રભાન શ્રીવાસ્તવ (રહે. શ્યામવિલા, હરીદર્શન નવા નિકોલ) એ તા.૧૭/૧૨/૧૩ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૨/૧૩ સાંજનાં ૬/૦૦ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન સાયોના સેન્ટર દુકાન નંબર ૨૨૪, ૨૨૫ સામે પોતાની કારનાં ડ્રાઇવરનાં શર્ટ ઉપર અજાણી વ્યક્તિએ મેલુ નાંખી, ડ્રાઇવરની નજર ચુકવી કારમાંથી રોકડ રૂપિયા ૨૩,૨૦૦/- અને જરૂરીચીજ-વસ્તુ સાથેની બેગની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસપો.સ.ઇ.શ્રી કે.વી.ડિંડોર ચલાવે છે.

**<u>વાહનચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૮૧૮/૧૩</u>**

**નરોડા :** હરેશભાઇ કુઆભાઇ પરમાર (રહે.અવધપુરા સોસાયટી, ગેલેક્ષી સિનેમાની પાછળ, નરોડા) એ તા.૧૬/૧૨/૧૩ સવારનાં ૧૧/૦૦ વાગે ઘર નજીક પોતાની હોન્ડા ટ્વીસ્ટર કંપનીનું મોટર સાયકલ નંબર જીજે ૧ એઆર ૩૩૦૫ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી દોઢ કલાકમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ હરેશભાઇ પરમારે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ કોહ્યાભાઇ ચલાવે છે.

**મેઘાણીનગર :** ગુરૂદત્તભાઇ રણછોડભાઇ કોષ્ટી (રહે.મનસુખનગર સોસાયટી, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ) એ તા.૧૬/૧૨/૧૩ સવારનાં ૧૦/૩૦ વાગે રામેશ્વર બ્લોક નં.૧૨૪ નજીક પોતાની મોટર સાયકલ નંબર જીજે ૧ એલ.બી. ૧૪૯૧ કિમત રૂપિયા ૩૫,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી એક કલાકમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ ગુરૂદત્તભાઇ કોષ્ટીએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણસિંહ ગિરધારીસિંહ ચલાવે છે.

**કાલુપુર :** રાજેશકુમાર ચંપકલાલ જાહા (રહે.પી એન્ડ ટી કોલોની, શિવરંજની ચાર રસ્તા, સેટેલાઇટ) એ તા.૧૩/૧૨/૧૩ સવારનાં ૧૧/૦૦ વાગે હાજાપટેલની પોળનાં નાકે પોતાનું મોટર સાયકલ નંબર જીજે ૧ એમ.એફ. ૬૮૬૩ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી એક કલાકમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ રાજેશકુમાર જાહાએ તા.૧૭/૧૨/૧૩ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.પટેલ ચલાવે છે.

**<u>ભુલથી ઝેરી દવા પી જતાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૮૧૯/૧૩</u>**

**નારણપુરા :** જલ્પાબહેન સમ્રાટભાઇ (ઉ.વ.૨૮)(રહે.વંદના એપાર્ટમેન્ટ, અંકુર ચાર રસ્તા, નારણપુરા) તા.૧૬/૧૨/૧૩ કલાક ૦૦/૪૫ વાગ્યાનાં સુમારે તેમના ઘરે ભુલથી ઝેરી દવા પી ગયા હતા. સારવાર માટે તેમને ભીમજીપુરા પલ્સ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સવારનાં ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૩૮૨૦/૧૩**

**એલીસબ્રીજ :** પવનકુમાર દેવકીનંદન પીરાજા (ઉ.વ.૪૧)(રહે. કલાનિકેતન એપાર્ટમેન્ટ, એસ.બી.આઇ.ની ગલીમાં, આંબાવાડી) એ કોઇ કારણસર તા.૧૭/૧૨/૧૩ બપોરનાં ૧૨/૫૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો. કાનાભાઇ દેવાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.